૩ બાલશિક્ષણ પ્રચારમાળા

સ્વતંત્ર બાલશિક્ષણ

[ડૉ. મોન્ટેસોરી]

લેખક
ગિજુભાઈ

દક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર

સ્વતંત્ર શિક્ષણ

[ડૉ. મોન્ટેસોરી]

લેખક

ગિરજાશંકર ભગવાનજી બધેકા
બાલમંદિર, ભાવનગર

પ્રકાશક

નાનાભાઈ, ગિજુભાઈ

મુદ્રક: સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ

પહેલી આવૃત્તિ સંવત ૧૯૭૭
બીજી આવૃત્તિ સંવત ૧૯૮૨

નિવેદન

ગયા સત્રમાં મહાવિદ્યાલયમાં જે વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી હતી તેમાંનું આ એક વ્યાખ્યાન છે. પ્રાથમિક શાળામાં કામ કરનાર આપણા ઉત્સાહી અધ્યાપકવર્ગને આ બહુ જ બોધપ્રદ નિવડશે એવી સૂચના થવાથી આ સ્વતંત્ર રૂપે છાપવામાં આવે છે.

મહામાત્ર,

ગુજરાત વિદ્યાપીઠ—અમદાવાદ

પ્રસ્તાવના

જેને કશું ના આવડે તે મહેતાજી થાય એવી દશા એકવાર સમાજમાં હતી. તે મટી હવે શિક્ષકના હાથમાં સમાજનું ભાવી પૂરેપૂરૂં છે એ સ્થિતિ, વિચારી લોકો સમજતા થઇ ગયા છે. ઇંગ્લંડના એક પ્રધાને પોતાના દીકરાને એક શિક્ષકના હાથમાં સોંપી દેતી વખતે જે વિનય અને આજીજીપૂર્વક ભાષણ કરેલું તેમા પણ એ જ ભાવના પ્રધાન હતી કે પોતાના દીકરાનું અને તેની મારફતે સ્વદેશનું ભલુંબૂરૂં આ શિક્ષકના હાથમા છે. શિક્ષકની પ્રતિષ્ઠા જેમ જેમ વધતી ગઇ છે તેમ તેમ શિક્ષક કેવો હોવો જોઇએ, શિક્ષણ-પદ્ધતિ કઇ શ્રેષ્ઠ છે એ વિષે વિચારો વધતા ગયા. શિક્ષણપદ્ધતિ એ એક અજાયબ જાદુ છે એ ખ્યાલ યુરોપને રૂસોએ આપ્યો. હજીયે કેટલાએક એમ માને છે કે રૂસો પછી શિક્ષણશાસ્ત્રમાં નવી શોધ જેવું થયું જ નથી. પેસ્ટેલોઝી, ફ્રોબેલ, હરબાર્ટ કે મોન્ટેસોરી જે કંઇ કહે છે તે બધું રૂસોનું જ છે. પોતાનો મત સાબિત કરવા ખાતર તેઓ રૂસોના કેટલાંએક વાક્યો ટાંકી દે છે અને કહે છે કે 'આ જુઓ જેને તમે નવું તત્ત્વ કહો છો તેનું સૂચન રૂસોએ અહાંઆં કર્યું છે'. ફ્રોબેલના અનુયાયીઓ અથવા મોન્ટેસોરીના શિષ્યો કહે છે કે બાળદુનિયા અને શિક્ષણપદ્ધતિ જગતની ઉત્પત્તિથી જ અંધારામાં હતી, પણ ઇશ્વરે કહ્યું કે ફ્રોબેલ અથવા મોન્ટેસોરી જન્મે અને તરત જ અજવાળું થઇ ગયું! આ બન્ને કલ્પનાઓ

ભૂલ ભરેલી છે એ સિદ્ધ કરવા ઝાઝો પ્રયાસ કરવો ન પડે. દુનિયામાં આકસ્મિક એવું કશું છે જ નહિ. દરેક વસ્તુનાં બીજ પુરાતન કાળમાં રહેલાં જ છે. (તેથી જ તો આપણા લોકો વેદમાંથી સર્વ કાંઇ કાઢી બતાવે છે!) મેડમ મોન્ટેસોરીએ જે સિદ્ધાન્તો પ્રજા આગળ મૂક્યા છે તે સાવ નવા તો નથી જ. તેમાંનું દરેક તત્ત્વ જૂના લેખકોનાં લખાણોમાં મળી શકશે. સાધુ પુરુષો અને અવતારો પણ નવું કશું જ કહેતા નથી કે લાવતા નથી. તેઓ ફક્ત નવી પ્રેરણા, નવો ઉત્સાહ અને નવો પ્રાણ સમાજમાં રેડે છે. મોન્ટેસોરીનાં બધાં તત્ત્વો ફ્રોબેલમાં હોય કે રૂસોમાં હોય પણ મોન્ટેસોરીની શ્રદ્ધા અને તેનો ઉત્સાહ તો તેનાં જ છે. જે તત્ત્વ પાછળ અથવા સિદ્ધાન્ત પાછળ કોઇપણ વ્યક્તિ પોતાનું પ્રાણસર્વસ્વ રેડી દે છે તેને જ નામે તે તત્ત્વ ઓળખાય છે. આ રીતે મોન્ટેસોરીને યુગપ્રવર્તક કહી શકાય. મોન્ટેસોરીએ ધારણ કરેલું તત્ત્વ ત્રિકાલાબાધિત સત્ય છે, સર્વ કાળને માટે અને સર્વ દેશોને માટે તે છે. તેનો ઉપયોગ દરેક પ્રજાએ પોતાના સ્વભાવ પ્રમાણે અનુકૂળ રીતે કરવો જોઇએ. મોન્ટેસોરીનાં તત્ત્વો જાણ્યા વગર તેની પદ્ધતિમાં ગમે તેવા ફેરફાર કરનાર ઉટવૈદો નિર્માણ થયા છે, અને તેથી કેટલેક ઠેકાણે મોન્ટેસોરીનું નામ બદનામ થયું છે. આ જોઇ મોન્ટેસોરી બાઇએ આગ્રહ રાખ્યો છે કે મારી પદ્ધતિમાં કોઇએ ફેરફાર ન જ કરવો. સાચા વૈદને ઘણીવાર આવો આગ્રહ રાખવો પડે છે. પણ સાચો શિક્ષક તત્ત્વજ્ઞ જ હોવો જોઇએ. લશ્કરની વ્યવસ્થામા પણ હવે જ્યાં બુદ્ધિપૂર્વક ફેરફાર કરવાની છૂટ નીચલા અમલદારોને મળવા લાગી છે ત્યાં બાળઉછેર જેવા સૂક્ષ્મ અને નાજુક કામમાં તે ન હોય એમ માની ન જ શકાય. શહેર અને ગામડાંઓ વચ્ચે એટલો બધો ફેર છે કે શહેરની પદ્ધતિ ગામડાંઓમાં ન ચાલે. શહેરમાં જે વસ્તુનો કૃત્રિમ સંગ્રહ કરવામાં આવે છે તે ગામડાંઓમાં સ્વાભાવિક હોય છે. સામાજિક સંસ્કારને લીધે જે સ્વાભાવિક કેળવણી મળે છે તેમાં પણ એવો જ ભેદ રહે છે.

ગામડાંઓમાં જે વૃત્તિઓ સ્વાભાવિક રીતે ખીલે છે તે શહેરોમાં કૃત્રિમ રીતે ખીલવવી પડે છે. અને શહેરોમાં જે સ્વાભાવિક નાગરપણું આવી જાય છે, તે ગામડાંઓમાં મહામહેનતે પણ લાવવું મુશ્કેલ પડે છે. જેમ શહેરો અને ગામડાંઓ વચ્ચે ભેદ છે તેમ જ ભિન્નભિન્ન પુરુષાર્થ-વાળી પ્રજાઓમાં પણ ભેદ છે. આજે રહેણીમાં આપણે વર્ણસંકર ન કર્યો હોત તો જ્ઞાતિપરત્વે શિક્ષણપદ્ધતિમાં ફેર કરવો પડત. આપણા દેશમાં 'સ્કૂલોમાં' ભણવાની પદ્ધતિ દાખલ થઇ ત્યારથી કેળવણીમાં અરાજક ઉત્પન્ન થયું છે; ગુરુશિષ્યનો સંબન્ધ બહુ જ કૃત્રિમ થઇ પડયો છે; વિદ્યાર્થીઓના જીવનના મોટા ભાગ સાથે ગુરુઓ અસ્પૃશ્ય રહે છે અને કેળવણીની લેવડદેવડ બજારના નિયમ પ્રમાણે ચલાવવામાં આવે છે. આપણી કેળવણીની કલ્પના શી હતી એ તરફ ભાગ્યે જ કોઇનું ધ્યાન ગયું હશે. જે સમાજમાં અદ્વિતીય પંડિતો પાકયા છે; કવિઓ જન્મ્યા છે, વીરો ઝળકયા છે, કારીગરો પ્રસિદ્ધ થયા છે, જે સમાજની સામાન્ય જનતા આટલી બધી સંસ્કારી છે અને જ્યાં ગરીબમાં ગરીબ ભિખારી પણ ધર્મને સમજે છે—ત્યાંની શિક્ષણપદ્ધતિ પણ તેટલી જ અસાધારણ હોવી જોઇએ એ દેખીતું છે.

મોન્ટેસોરીનું તત્ત્વ પી ગએલા ઉત્સાહી શિક્ષણશાસ્ત્રીઓની ફરજ છે કે તેઓ ઉપનિષદો જેવા જૂના ગ્રંથોમાં કે દીઘનિકાય જેવા ગુરુશિષ્ય સંવાદોમાં કઇ શિક્ષણપદ્ધતિ હતી, સ્મૃતિઓમાં ગુરુશિષ્યનો કેવો સંબન્ધ વર્ણવ્યો છે, પૂર્વપરંપરાગત સંસ્થાઓના ગુણદોષ શું છે, આપણા સમાજના સ્વભાવને પોષક એવી શિક્ષણપદ્ધતિ કઇ વગેરે આપણને નક્કી કરી આપે. આમ કરતાં જૂના જૂના કારીગરો પાસે શ્રદ્ધાપૂર્વક બેસવું પડે, સાધુઓનાં વચનો સાંભળવાં પડે, યોગવિદ્યાનું નિરીક્ષણ કરવું પડે અને ઘરડી ડોશીઓ વાર્તાઓ તેમ જ તહેવારોદ્વારા કેવું ચિરસંસ્કારી શિક્ષણ આપી દે છે તેનું આપણે અધ્યયન કરવું પડશે.

આપણી સ્વરાજ્યની હીલચાલ કેવળ રાજકીય નથી. દુનિયાની સંસ્કૃતિમાં પદભ્રષ્ટ થએલું જૂનું રાષ્ટ્ર આજે ફરી પોતાનું સ્થાન લેવા માગે છે. એવા રાષ્ટ્રની જાગૃતિ વિશ્વતોમુખી થવી જ જોઇએ. શરીરમાં જ્યારે પ્રાણ સંચરે છે ત્યારે તે સર્વ ઇન્દ્રિયોમાં અને સર્વ વૃત્તિઓમાં સ્ફુરે છે તેમ જ સ્વરાજ્યનો સ્વદેશી પ્રાણ શિક્ષણશાસ્ત્રમાં પણ જરૂર નવજીવન રેડી દેશે એમાં શક નથી.

સાબરમતી, સત્યાગ્રહાશ્રમ — દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

સ્વતંત્ર શિક્ષણ

[ડૉ. મોન્ટેસોરી]

યુરોપીય કેળવણીનો ઇતિહાસ જુઓ કે સમર્થ કેળવણીકારોની નામાવલિ તરફ દૃષ્ટિ નાંખો તો માલૂમ પડશે કે એમાં કોઇ પણ સ્થળે સ્ત્રીનું નામ નથી. પહેલવહેલી જ એક સ્ત્રી કેળવણીકાર ઉત્પન્ન કરવાનું માન ઇટાલીને ઘટે છે. ડૉ. મોન્ટેસોરીની પહેલાં થઇ ગએલા સર્વ કેળવણીશાસ્ત્રીઓ ઉપલકીયા જ્ઞાનવાળા અને કેટલેક અંશે સિદ્ધાન્તી હતા. કેળવણીના ઇતિહાસમાં આ પહેલી જ વખતે એક જુદા જ ક્ષેત્રમાંથી ડૉ. મોન્ટેસોરી આપણી સમક્ષ ખડાં થાય છે, અને કેળવણીના સત્ય સિદ્ધાન્તોની અપૂર્વ મીમાંસા રજુ કરે છે. મેડમ મોન્ટેસોરીમાં માનવ વંશશાસ્ત્રી, શરીરશાસ્ત્રી, માનસશાસ્ત્રી, તત્ત્વવેત્તા અને કેળવણીશાસ્ત્રી, એ બધાંનું એકીસાથે દર્શન થાય છે. બાળક અને બાળમગજનાં એ ખાસ અભ્યાસી છે. પોતે અપરિણિત છતાં માતાઓની પણ તે માતા છે; અને બાળકોનાં મહાન સરસ્વતી છે. બાળકોનો નવયુગ પ્રવર્તાવનાર, જડવાદ અને પરાધીનતાની બેડીમાંથી મનુષ્યજાતિને ઉદ્ધારવાનો આરંભક પ્રયત્ન કરનાર ડૉ મોન્ટેસોરી છે.

ઇટાલીની સ્વાતંત્ર્યની લડતના છેલ્લા દિવસોમાં ડૉ. મોન્ટેસોરીનો જન્મ થયો હતો. એના કુટુંબને ધંધાથી કે પરંપરાથી કેળવણી સાથે સંબંધ ન હતો, છતાં અગિયાર વર્ષની ઉમ્મરે આ સ્ત્રીને દુનિયામાં બહાર પડીને કંઇક કામ કરવાનો આવેશ આવ્યો. આ વખતે ઇટાલામાં સ્ત્રીની પદવી હલકા દરજ્જાની મનાતી હતી. બહુ બહુ તો સ્ત્રીઓ માત્ર મહેતીજીના ધંધા માટે લાયક ગણાતી અને તેમાં પડતી. બીજા ધંધામાં સ્ત્રીનો પ્રવેશ તે વખતની સમાજ સહન કરી શકતી નહોતી. મેડમ મોન્ટેસોરીએ પ્રથમ તો મહેતીજીના ધંધામાં પડવાનો

વિચાર કર્યો. પરંતુ તે વખતે ચાલી રહેલા શિક્ષણના પ્રકારમાં તેનું મન ખૂંચ્યું નહિ. તુર્ત જ તેણે ઇજનેરીનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું. એ જમાનામાં સ્ત્રીઓ ભાગ્યે જ ભણતી તેથી ઇજનેરી શાળામાં મોન્ટેસોરી એકલી જ સ્ત્રીવિદ્યાર્થી હતી, અને તેથી તેને પુરુષ વિદ્યાર્થીઓની વચ્ચે રહીને અભ્યાસ કરવામાં અનેક મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. સવારે મોન્ટેસોરીને તેની માતા શાળાએ પહોંચાડવા જતી, તો સાંજે તેને તેનો પિતા શાળાએથી તેડી લાવવા જતો. વર્ગમાં તેને છોકરાઓથી અલગ બેસવું પડતું. ભોજન કે વિશ્રાન્તિના સમયે તેને શાળાના એકાદ ઓરડામાં ભરાઇ રહેવું પડતું, અને બારણા પાસે પોલીસચોકીની વ્યવસ્થા કરવી પડતી. પરન્તુ આ સઘળી મુશ્કેલીઓ આ બાઇને મન હિસાબમાં નહોતી, કારણ કે તેનું લક્ષ ગણિતશાસ્ત્રના અભ્યાસમાં હતું. શાળા તો માત્ર એક સાધન હતું. આ શાળામાં રહી તે એક સમર્થ ગણિતશાસ્ત્રી બની. સમય જતાં તેનું મન દાક્તરી તરફ ગયું. ઇટાલીના એ દિવસોમાં દાક્તરી અભ્યાસ માટે મોન્ટેસોરી પહેલવહેલી જ સ્ત્રીવિદ્યાર્થી તરીકે બહાર પડનાર હતી; લોકમત તેથી વિરુદ્ધ હતો. તેમ છતાં છોકરાની શાળામાં અનેક મુશ્કેલીઓ વચ્ચે તેણે પોતાનો અભ્યાસ શરૂ રાખ્યો, અને દાક્તરીના લાંબા અને કઠિન અભ્યાસ પછી રોમની વિદ્યાપીઠની M. D. ની ઉપાધિ પ્રાપ્ત કરી. એમ. ડી. ની ઉપાધિ મળ્યા પછી રોમની મગજનાં દર્દોની ઇસ્પિતાલમાં તેને મદદગાર દાક્તર તરીકે જગ્યા મળી. આ સ્થળે વિશેષતઃ તેને મૂઢ અને મંદબુદ્ધિનાં બાળકોની સંભાળ રાખવાનું કામ હતું. એ કામમાં તેને અત્યન્ત રસ પડવા લાગ્યો, અને તેણે સેગ્વીને યોજેલી જડબુદ્ધિને સુધારવાની શિક્ષણપદ્ધતિનો અભ્યાસ શરૂ કર્યો. અહીં અમુક સમય કામ કર્યા પછી દાક્તરી દૃષ્ટિથી મનુષ્યજીવનનું અવલોકન તેને અપૂર્ણ લાગ્યું અને મનુષ્ય જીવનને તત્ત્વદૃષ્ટિથી વિલોકવાનો તેને વિચાર થયો; તેથી તે ફરી વાર રોમની વિદ્યાપીઠમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા દાખલ થઇ.

ત્યાં ચાર વર્ષ ગાળી તે વિષયનો અભ્યાસ પૂરો કર્યો. દાક્તરીના અને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી તેના મનમાં સ્ફૂર્યું કે મૂઢ બાળકોને એકલા દાક્તરી ઉપાયો કરતાં શિક્ષણવિષયક ઉપાયોથી સુધારવાનો પ્રયત્ન કરવામાં આવે તો સફળતા મળે. ટુરીનમાં ભરાયેલી સને ૧૮૯૮ની કેળવણી પરિષદમાં પોતાના આ વિચારો તેણે પ્રકટ કર્યા. તેના ભાષણ-થી કેળવણીના ક્ષેત્રમાં એક નવો જ પ્રકાશ પડયો, અને કેળવણીની દુનિયામાં નવી જાગૃતિ આવી. ત્યાંના વિદ્યાધિકારીએ મૂઢ બાળકોને કેમ સમજવાં તથા તેમને નવીન પદ્ધતિથી કેમ કેળવવાં એ વિષય ઉપર રોમની વિદ્યાપીઠમાં ભાષણો આપવા માટે ડૉ. મોન્ટેસોરીને આમંત્રણ કર્યું. ડૉ. મોન્ટેસોરીની આ પ્રવૃત્તિથી ઓર્થોફ્રેનિક સ્કૂલ જન્મી. આ શાળામાં ડૉ. મોન્ટેસોરીએ સને ૧૮૯૮ થી ૧૯૦૦ સુધી મૂઢ બાળકોને શિક્ષણ આપવાનું કામ જાતે કર્યું, તે માટે શિક્ષકોને તૈયાર કર્યા, અને લંડન તથા પારીસ જઇ મૂઢ બાળકોની શાળાઓ અને પ્રચલિત પદ્ધતિઓનો અભ્યાસ કરી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો. મૂઢ બાળકોના શિક્ષણના કાર્યમાં ડૉ. મોન્ટેસોરીને અપૂર્વ ફતેહ મળી. પોતે યોજેલી પદ્ધતિથી મૂઢ બાળકોને તેણે વાંચવાલખવાનું કામ એટલું બધું સુંદર શીખવ્યું કે જ્યારે તેઓને અમૂઢ બાળકોની શાળામાં પરીક્ષા માટે મોકલવામાં આવ્યાં, ત્યારે તેઓ અમૂઢ બાળકોની સાથે હરીફાઇ કરવામાં ફતેહમંદ નીવડયાં. આ પરિણામથી લોકો છક થઇ ગયા. જેમણે આ પરિણામો જોયાં હતાં તેઓએ તો આ કિસ્સાને જાદુઇ કિસ્સો માન્યો. ડૉ. મોન્ટીસોરીને જે આશ્ચર્ય ઉત્પન્ન થયું હતું તે એ હતું કે અમૂઢ બાળકો સરખી જ ઉમ્મરે મૂઢ બાળકો જેવાં કેમ રહ્યાં હશે ? ડૉ. મોન્ટેસોરીના મનમાં વિચાર આવ્યો કે જો અમુક પદ્ધતિથી મૂઢ બાળકોને અમૂઢ બાળકો જેટલાં જ (સરખી ઉમ્મરે) શક્તિમાન કરી શકાય તો અને એ જ પદ્ધતિ અમૂઢ બાળકોને પણ લાગુ કરાય તો ઘણાં અસાધારણ પરિણામો આવી શકે ખરાં. શિક્ષણની દિશા મૂઢ તેમજ અમૂઢ બાળકો માટે એક જ રાખવામાં મોન્ટેસોરીને

કાંઇ વાંધો હોય એમ જણાયું નહિ. કારણકે બન્ને કોટિનાં બાળકો માટે શિક્ષણનું ધ્યેય એક જ હતું. ઉક્ત વિજયથી તથા સરગી, લૉમ્બ્રોસો અને જોવાનના વિચારોથી મોન્ટેસોરીની માન્યતા દૃઢ થઇ. ફરી વાર તેણે સેગ્વીનના પુસ્તકોનો અભ્યાસ આરંભ્યો અને એનાં લખાણનો આત્મા બરાબર સમજાય તે માટે ફ્રેન્ચ ભાષામાં લખાયલાં એનાં લખાણોનો ઇટાલિયન ભાષામાં પોતાને સારૂ જ અક્ષરશઃ તરજુમો કર્યો.

સને ૧૯૦૭માં ડૉ. મોન્ટેસોરીને પોતાના વિચારો અમલમાં મૂકવાની તક મળી. રોમન સ્થાપત્ય મંડળના અધિકારીને ટેનેમેન્ટમાં વસતાં ૩ અને ૭ વર્ષ વચ્ચેની વયનાં તમામ બાળકોને એકાદ શિક્ષકની દેખરેખ નીચે રાખી કામમાં અને રમતમાં ગૂંથવાનો વિચાર આવ્યો; અને તેણે આ કામમાં મદદ આપવા ડૉ. મોન્ટેસોરીને વિનંતિ કરી. ડૉ. મોન્ટેસોરીએ આ બાળકો ઉપર પોતાના મન્તવ્ય પ્રમાણે કેળવણીના અખતરા કરવાનું સ્વીકાર્યું, અને સને ૧૯૦૭ના જાન્યુઆરીમાં ઇટાલીમાં પહેલવહેલું બાળમંદિર ઉઘડયું. આ પ્રવૃત્તિને અપૂર્વ ફતેહ મળી. તુર્ત જ આવી જાતની શાળાઓ ઇટાલીમાં ફેલાઇ. મૂઢ બાળકોને માટે જે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે જ પદ્ધતિનો ઉપયોગ આ મંદિરોમાં થતો હતો. વખત જતાં અને અનુભવ વધતાં શરૂઆતની પદ્ધતિમાં ઘણા ફેરફારો થયા. હાલ એ પદ્ધતિનું નિર્ણિત સ્વરૂપ ડૉ. મોન્ટેસોરીએ લખેલા ‘ મોન્ટેસોરી પદ્ધતિ ’ નામના પુસ્તકમાં જોઇ શકાય છે.

ડૉ. મોન્ટેસોરીનો અખતરો હજી અપૂર્ણ છે. અત્યારે તેણે ૭થી ૧૪ વર્ષની ઉમ્મર વચ્ચેનાં બાળકો માટે પણ યોગ્ય પદ્ધતિ શોધી કાઢી છે, અને તે ઉપર બે પુસ્તકો અને સાહિત્યો તૈયાર છે. આ બે પુસ્તકો : The Advanced Montessori Method ને લગતાં છે, તેનાં નામ નીચે પ્રમાણે છે:

(૧) Spontaneous Activity in Education.

(૨) Montessori Elementary material.

જન્મથી ત્રણ વર્ષ સુધીનાં બાળકોની કેળવણીના અને ૧૪ વર્ષ ઉપરનાં બાળકોની કેળવણીના પ્રયોગો તો હજી ચાલુ જ છે.

મોન્ટેસોરી પદ્ધતિનું ધ્યેય

મોન્ટેસોરી પદ્ધતિ, જેને શિક્ષણશાસ્ત્રમાં પદ્ધતિના નામથી ઓળખવામાં આવે છે તેવી એક પદ્ધતિ નથી; કેટલાક અણુસમજુ લોકો માને છે તેમ તે નાનાં બાળકોને કાંઇક ચાવીની જેમ એકાદ સહેલી યુક્તિથી શીખવી દેવાની પણ યોજના નથી. એ પદ્ધતિ મનુષ્યજીવનના ધ્યેયનું કેળવણીના ક્ષેત્રમાં સહજ પરિણામ છે. તે એક ફિલસુફી છે. જેમ કેળવણીની હરેકોઇ યોજના પાછળ કોઇ એક ચોકસ ધ્યેય હોય છે, તેમજ મોન્ટેસોરી પદ્ધતિની કેળવણીની યોજના પાછળ ચોકસ ધ્યેય છે.

અત્યારે દુનિયાનું ધ્યેય ‘સ્વાતંત્ર્ય’ થતું જાય છે. છતાં એ ધ્યેયનું ખરૂં સ્વરૂપ લોકો સમજી ન શકતા હોય એમ સાચા વિચારકોને લાગે છે. યુરોપમાં સ્વતંત્રતાના દિવસો ઘણા વખતથી શરૂ થઇ ચૂક્યા છે ખરા, પણ સ્ત્રીઓના સ્વાતંત્ર્ય સામે હજી પણ લડતો ચાલતી જોવામાં આવે છે. હજી સ્ત્રીઓ પુરુષો જેવું સ્વાતંત્ર્ય સંપૂર્ણપણે મેળવે તેમાં સ્વાતંત્ર્યપ્રિય લોકોને પણ સખત વાંધો છે. અને જેઓ અત્યારે બાળકોના સ્વાતંત્ર્યની વાતો કરે છે તેઓ તો એકદમ પાગલ જ મનાય છે. સ્વાતંત્ર્યના સિદ્ધાન્તને અનુસરીને દુનિયામાંથી ગુલામીનો નાશ કરવાના સફળ પ્રયત્નો થઈ રહ્યા છે, છતાં ગુલામીનો વિરોધ કરનારાઓ આજે હજારોની ગુલામી સહી રહ્યા છે; અને વધારેમાં વધારે તેઓ કરી શકતા હોય તો એટલું જ કે તેઓ શ્રીમંતાઈની

ગુલામીમાંથી લોકોને મજૂરીની ગુલામીમાં ઘસડે છે. આમ હોવાથી જ આજે સ્વતંત્ર ગણાતી પ્રજા હડતાળિયાની ગુલામીમાં આવી પડી છે. સ્વતંત્ર કહેવાતી પ્રજા બે વિરોધી આદર્શોની જાળમાં જકડાઇ છે. (૧) દ્રવ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા, અને (૨) અનાયાસ. લોકોનો એક વર્ગ એવો છે કે જે પોતે પોતાના દ્રવ્યબળથી બીજાને પરાધીન રાખવા માગે છે, અને બીજા પાસે કામ કરાવી પોતે આરામ લેવા ચાહે છે. આ વર્ગ ધનિકોનો છે. બીજો વર્ગ મજૂરોનો છે. એ વર્ગની વૃત્તિ પણ કામ ન કરવા તરફ છે. આથી ધનિકો મજૂરોની ગુલામીમાં અને મજૂરો ધનિકોની ગુલામીમાં સપડાયા છે, અને સ્વતંત્રતાના આદર્શો હોવા છતાં પૂરી પરાધીનતામાં આવી પડ્યા છે.

મોન્ટેસોરી પદ્ધતિનું ધ્યેય ખરી સ્વતંત્રતા છે. મનુષ્યની ખરી સ્વતંત્રતા સ્વાવલંબન ઉપર છે. પરાવલંબનનો નાશ એ જ સ્વતંત્રતાનો પાયો છે. ખરી સ્વતંત્રતામાં માણસ માણસનો ગુલામ નથી. એટલું જ નહિ પણ માણસ પોતાનો પણ ગુલામ નથી એ વિચાર મોન્ટેસોરી પદ્ધતિની પાછળ રહેલો છે. સ્વાતંત્ર્ય એટલે અપરાધીનતા એટલું જ નહિ પણ આત્મસંયમ પણ સાથે — એ સિદ્ધાન્ત મોન્ટેસોરીની શિક્ષણ પદ્ધતિમાં વણાયલો છે. આ સિદ્ધાંત સ્વાભાવિક સિદ્ધાંત છે એમ તેણે પ્રયોગોથી સિદ્ધ કર્યું છે, અને તેથી જ તેણે પોતાની પદ્ધતિનું ધોરણ આ સિદ્ધાન્ત ઉપર રચ્યું છે.

માણસ સ્વભાવથી જ સ્વતંત્રતાપ્રિય છે, અને તેથી કામ કરવાની વૃત્તિ તેના સ્વભાવમાં જ રહેલી છે. સ્વભાવને અનુકૂળ કામથી માણસ થાકતું નથી, પણ ઉલટું આળસુ થઇ પડ્યા રહેવાથી માણસ થાકી જાય છે એવું પ્રયોગોથી સાબીત થયું છે. થાક અને આરામ એ બે બાબતો વિષે હાલની કલ્પના જ ભૂલભરેલી છે, એમ ડૉ. મોન્ટેસોરીનું કહેવું છે.

ડૉ. મોન્ટેસોરીનો કેળવણીશાસ્ત્રમાં ફાળો

ડૉ. મોન્ટેસોરીનું ઉક્ત ધ્યેય એ કાંઇ તેમનો પોતાનો માત્ર માનસિક ખ્યાલ નથી, પરંતુ અનેક અખતરાનું ચોકસ પરિણામ છે. મોન્ટેસોરી પોતે દાક્તર છે, વિજ્ઞાનશાસ્ત્રી છે. દાક્તરો જંતુઓનો અભ્યાસ કરતી વખતે સ્વાભાવિક રીતે જંતુ જે પરિસ્થિતિમાં રહેતું હોય તેવી જ પરિસ્થિતિ ઉપજાવીને તેમાં તે જંતુને મૂકી તેનો અભ્યાસ દૂરથી કરે છે, અને જંતુની ખાસિયતો વગેરે શોધે છે. વનસ્પતિશાસ્ત્રી પણ વનસ્પતિને જે પરિસ્થિતિ સ્વાભાવિક હોય છે તે પરિસ્થિતિમાં રાખીને વનસ્પતિનો અભ્યાસ કરે છે. અર્થાત્ તેમને તેમના સ્વભાવ ઉપર જવા દે છે અને તેના ગુણદોષ વગેરેનો અભ્યાસ કરે છે. ડૉ. મોન્ટેસોરીએ પણ આવી જ રીતે બાળકોને વનસ્પતિ કે જંતુની આસપાસ કૃત્રિમ સ્થિતિ ઉભી કર્યા વિના તેમના કુદરતી સ્વભાવ ઉપર જવા દઇ તેમનું બારીક અવલોકન કરીને બાળકેળવણીના સિદ્ધાન્તો રચ્યા છે. મોન્ટેસોરી પદ્ધતિનો મુખ્ય અને પ્રથમ સિદ્ધાન્ત એ છે કે કોઇ પણ મનુષ્યને બીજો મનુષ્ય કેળવણી આપી શકતો જ નથી. માણસે પોતાની કેળવણી માટે પોતે જ પ્રયત્ન કરવો જોઇએ, નહિ તો તે કદિપણ કેળવણી લઇ શકે નહિ. આનો અર્થ એ છે કે મનુષ્યનો વિકાસ શીખવાની કંઇપણ આન્તરપ્રેરણા ઉપર આધાર રાખે છે. શીખવાની પ્રેરણા—ઇચ્છા જ ન થાય તો માણસ કદિપણ કંઇ શીખી શકે નહિ. આ સિદ્ધાન્તનો સાર ડૉ. મોન્ટેસોરી કહે છે કે બાળક અને શિક્ષકને સીધો સંબંધ નથી જ. બાળકને શિક્ષણના કારણથી જ્ઞાન થતું નથી, પરંતુ શિક્ષણ-શાસ્ત્રીઓના અવલોકનથી બાળકોના સ્વાભાવિક વિકાસને બંધબેસતી જે પદ્ધતિ યોજવામાં આવી છે તે પદ્ધતિનાં સાધનોનાં પ્રત્યાઘાતથી બાળકને જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ સિદ્ધાન્તમાંથી પદ્ધતિનાં બે સૂત્રો જન્મ્યાં છે. એક બાળકનું સ્વાતંત્ર્ય અને બીજું સ્વતઃઆવિર્ભાવ. આ વિષે આગળ ઉપર મારા વિચારો આપીશ.

બીજો સિદ્ધાન્ત એ છે કે પ્રત્યેક બાળક બીજા બાળકથી શરીર, મન અને આત્માથી ભિન્ન છે, માટે જ તેમના વિકાસની વ્યવસ્થા વ્યક્તિગત હોવી જોઇએ. કોઇ કોઇ બાબતમાં કેટલાંક બાળકોમાં સામ્ય હોઇ શકે, પરંતુ તેથી તેમને એક સમૂહ ગણીને તેમના શિક્ષણનું નિર્માણ થઇ શકે નહિ. આથી વર્ગવ્યવસ્થાને અવકાશ રહેતો નથી. તેમજ ચડતા ઉતરતા સમૂહનાં ધોરણો પણ બાંધી શકાય નહિ.

ત્રીજો સિદ્ધાન્ત એ છે કે પ્રત્યેક બાળક પ્રત્યેક દિવસે પોતાના વિકાસમાં આગળ વધતું જાય છે, તેથી પ્રત્યેક દિવસે તે આગલા દિવસથી ભિન્ન અને નવું થતું જાય છે; અને તે કઇ રીતે નવું નવું બનતું જશે તેનો પૂર્વખ્યાલ બાંધી શકાતો નથી. તેથી ચોકસ અભ્યાસક્રમ કે સમયપત્રકની સખ્તાઇ આ પદ્ધતિમાં રહેતી નથી.

ચોથો સિદ્ધાંત એ છે કે બાળકોનો સ્વભાવ જ એવો છે કે તેમને અનુકૂળ—યોગ્ય વાતાવરણમાં—પરિસ્થિતિમાં મૂકો એટલે તે પોતાની મેળે જ પોતાની જાતને કેળવવા સારૂ પોતાના વિકાસને પોષક પ્રવૃત્તિ જ લઇ લેવાનાં. ડૉ. મોન્ટેસોરીના આ સિદ્ધાન્તોને પરિણામે એની શાળાઓમાંથી ભય, લાલચ, શિક્ષા અને ઇનામોનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. વર્ગશિક્ષણ અને ધોરણશિક્ષણને તિલાંજલિ આપી છે. સમયપત્રક અને ચોકસ અભ્યાસક્રમને પણ અલ્પ સ્થાન રહે છે. સમયનો બચાવ અને રસ ઉત્પન્ન કરવાના પ્રશ્નો આપોઆપ ઉડી જાય છે. આસનોની ચોકસાઇ અને તેને લીધે પાટીયું રાખવાનું સ્થાન, શિક્ષકે મોટા અક્ષરે લખવું, નબળી આંખ કે કાનવાળાને પાસે બેસારવા વગેરે ઘણી ઘણી મુશ્કેલીઓનો અંત આવ્યો છે. અત્યાર સુધી શિક્ષક પોતે જ બાળકોને બદલે કામ કરનાર હતો, તેને બદલે હવે બાળક પોતાની જાતે જ કામ કરતું થયું છે. શાન્ત, સંતોષભરી સ્વતંત્ર હીલચાલને નિયમન ગણવામાં આવી છે.

ઉપલક નજરે ઘણાઓને એવું લાગે છે કે ડૉ. મોન્ટેસોરીના વિચારોમાં નવીનતા નથી. એવા વિચારો તો કેળવણીના ક્ષેત્રમાં છુટાછવાયા અનેક સ્થળે જોવામાં આવે છે. આ વાત સાચી છે, પરન્તુ એ વિચારો મોહક શબ્દજાળ સિવાય બીજું કંઈ જ નહોતું એમ ડૉ. મોન્ટેસોરીએ માન્યું છે, અને સિદ્ધ કરી બતાવ્યું છે. એ વિચારોનું ખરૂં સ્વરૂપ અત્યાર સુધી કોઈ ઓળખી શકયા નહોતા, અને વિચારપુરઃસર અમુક પદ્ધતિનું નિર્માણ તો બિલકુલ કરી શકયા નહોતા. આમ થવામાં વિચારકોનો દોષ નહોતો; એમના સમયની પરિસ્થિતિ જ દોષપાત્ર હતી.

બાળકના સ્વાતંત્ર્ય વિષેનો મૂળ વિચાર શોધવા જઈએ તો અંગ્રેજ ફિલસુફ જૉન લૉક સમીપ પહોંચાય. રૂસોની 'એમિલિ'માં તો એ વિચારનું સ્પષ્ટ દર્શન થાય છે. હરબર્ટ અને ફ્રોબેલ તેના મોટા હિમાયતી દેખાય છે. ફ્રોબેલે એ જ વિચારને અનુસરી સાધનોની યોજના પણ કરેલી, પરંતુ તે લગભગ નિષ્ફળ જેવી. આ બધા શાસ્ત્રીઓને સ્વાતંત્ર્યના સિદ્ધાન્તનું ખ્વાબ આવેલું એમ કહો તો કાંઇ ખોટું નથી. પણ તેમાંનો કોઈ તે ખ્વાબને સ્થૂળ સ્વરૂપ આપી શકયો નથી એ ચોકસ વાત છે. ડૉ. મોન્ટેસોરીએ પોતાના વિચારોને સ્થૂળ સ્વરૂપ આપ્યું એ જ તેનો કેળવણીમાં જબરદસ્ત ફાળો છે. આ ફાળો તે શી રીતે આપી શકી છે તે જાણવા જેવું છે. મોન્ટેસોરી પોતાની પદ્ધતિનું મંડાણ શરીરશાસ્ત્ર અને પ્રયોગસિદ્ધ માનસશાસ્ત્રની ઉપર જ રચે છે, અને એમાં જ એનો ખરો ફાળો છે. અત્યાર સુધી શરીરશાસ્ત્રની ઉપર કોઇ પણ કેળવણીકારે કેળવણીનું ધોરણ રચ્યાનું જાણવામાં આવ્યું નથી, અને જે માનસશાસ્ત્ર ઉપર કેળવણીનું ધોરણ થોડે ઘણે અંશે રચાયું છે તે ઘરને ખૂણે બેસી માનસશાસ્ત્ર વાંચી જઇને રચાયું છે એમ ડૉ. મોન્ટેસોરીની માન્યતા છે. ડૉ. મોન્ટેસોરી માને છે કે શરીર, ઇંદ્રિયો અને મન એ બધાં માનસિક વિકાસનાં સ્થૂળ સાધનો છે. તેમ જ માનસિક અને શારીરિક વિકાસને સ્થૂળ

સ્વરૂપ આપનારાં પણ તે જ સાધનો છે. અર્થાત મન અને આત્માના વિકાસમાં ઇંદ્રિયો, મન અને આત્મા પરસ્પર આધાર રાખે છે. આથી જ કેળવણીનો પાયો શરીર–વિધાનુસાર ઠરાવ્યો છે, અને તેથી જ મોન્ટેસોરી પદ્ધતિમાં ક્રિયાત્મક પ્રેરણાત્મક અનુભવાત્મકને સ્થાન આપવામાં આવ્યું છે.

મોન્ટેસોરી પદ્ધતિનો બીજો આધાર પ્રયોગસિદ્ધ માનસશાસ્ત્ર છે. સ્વાભાવિક પરિસ્થિતિમાં બાળકોને વિચરવા દઇ ડૉ. મોન્ટેસોરીએ બાળકોના વિકાસનો માર્ગ ખોળી કાઢ્યો છે. અવલોકન અને અખતરા માર્ગ શોધવાનાં તેનાં સાધનો છે. અને બાળકોના અખતરા ઉપરથી તે એવા નિર્ણય ઉપર આવેલ છે કે બાળમનની આપણી માત્ર કલ્પના અને તેની વાસ્તવિકતા વચ્ચે તો જમીન આસમાન જેટલો ફરક છે. તેણે અનેક અખતરા કરી બાળમનના ઉંડાણમાં પ્રવેશ કર્યો છે. તેણે વિકાસના સ્વાભાવિક નિયમોને શાસ્ત્રીય દૃષ્ટિથી વિલોક્યા છે, અને તદનુસાર વિકાસને પોષક થાય તેવાં સાધનો યોજ્યાં છે. ડૉ. મોન્ટેસોરી કહે છે કે બૌદ્ધિક કે માનસિક વિકાસનું બહિર્દર્શન બાળકની ઐચ્છિક એકાગ્રતા કે તલ્લીનતામાં તથા જે કાર્યમાં બાળક તલ્લીન થાય તે કાર્યના ઉત્સાહપૂર્વક પુનરાવર્તનમાં થાય છે. તલ્લીનતા એ તંદુરસ્ત બાળકમાં સ્વાભાવિક વૃત્તિ છે. એ વૃત્તિ ન થાય ત્યાં સુધી તેનો વિકાસ અસંભવિત છે. બાળવૃત્તિની એવી સ્વાભાવિકતાને લીધે રસ, એકધ્યાન અને વ્યવસ્થા માટે કૃત્રિમ સાધનો ઉભાં કરવાની અનેક યુક્તિ પ્રયુક્તિની લેશમાત્ર જરૂર રહેતી નથી. પરાણે ઉત્પન્ન કરેલ રસ અને તજ્જન્ય તલ્લીનતા તથા વ્યવસ્થાથી ખરો વિકાસ અટકે છે અને માત્ર યંત્રવત ક્રિયાનું બળ વધે છે.

ડૉ. મોન્ટેસોરીની આ શોધથી હવે ભય અને લાલચ ઉપર રચાયલી શિક્ષણપદ્ધતિનું ભૂત ભાગી જાય છે. ડી ગાર્મોની રસ ઉપરની ફીલસુફી હવામાં ચાલી જાય છે, અને હરબર્ટની રસ જમાવવાની

શિક્ષણપદ્ધતિનું સ્થાન અલ્પ જેવું થઇ રહે છે. બાળકને સ્વતંત્ર રાખો, પરિસ્થિતિ અનુકૂળ કરી આપો, અને પછી જુઓ કે બાળક પોતાની મેળે જ પોતાની જાતને કેળવે છે. એ વખતે તે એકધ્યાન થશે, રસમાં તરબોળ થશે, અને મુશ્કેલી વખતે સહજ પ્રશ્નપરંપરા ઉભી કરશે. ડૉ. મોન્ટેસોરીનો કેળવણીશાસ્ત્રમાં આ પ્રકારનો ફાળો મુખ્ય છે.

સ્વાતંત્ર્ય અને સ્વતઃઆવિર્ભાવના સિદ્ધાન્તો

જે મૂળ સિદ્ધાન્તો ઉપર મોન્ટેસોરી પદ્ધતિનું વ્યાવહારિક ધોરણ રચવામાં આવ્યું છે તે સિદ્ધાન્તો સ્વાતંત્ર્ય અને સ્વતઃઆવિર્ભાવના (principle of Liberty અને principle of spontaneity) છે. સ્વાતંત્ર્ય અને સ્વતઃ આવિર્ભાવ ઉપર આ પદ્ધતિમાં જેટલો ભાર મૂકવામાં આંવ્યો છે તેટલો ભાર બીજા કશાય ઉપર મૂકવામાં આવ્યો નથી. કારણકે ડૉ. મોન્ટેસોરી એમ માને છે કે જો આ સિદ્ધાન્તોને બાળકોની કેળવણી પરત્વે યથાર્થ રીતે અમલમાં મૂકવામાં આવે તો બાળકનો, શાળાનો અને કેળવણીનો ઉદ્ધાર થઇ જાય.

સ્વાતંત્ર્યના સિદ્ધાન્તનો તેનો ખ્યાલ કંઇક આ પ્રમાણે છેઃ— બાળક એક સેન્દ્રિય વ્યક્તિ છે. હરકોઇ સેન્દ્રિય વ્યક્તિનો સ્વભાવ એવો છે કે તે પોતાની જાતે પોતાના જ પ્રયત્નથી પોતાની વૃદ્ધિ કે પોતાનો વિકાસ શોધે છે. બાળક પણ એક સેન્દ્રિય વ્યક્તિ હોઇ તે પોતાનો વિકાસ પોતાની મેળે શોધે છે. બાળકની પોતાનો વિકાસ શોધવાની હીલચાલમાં આડે ન આવવું, પોતાની ઇન્દ્રિયો દ્વારા બાળક જે અનુભવો મેળવવા પ્રયત્નો કરી રહ્યું હોય તેમાં વિઘ્ન ન નાંખવું. અર્થાત બાળક જે કંઇ કરવા તરફ વળે તે તેને કરવા દેવું, તેને સ્વાતંત્ર્ય કહે છે.

ડૉ. મોન્ટેસોરી માને છે કે બાળકની પ્રવૃત્તિમાં વિરોધ કરવાથી બાળકમાં વિરોધનો વિચાર જન્મે છે અને તેમાંથી ક્રોધ અને દુષ્ટતા

ઉત્પન્ન થાય છે. મોન્ટેસોરીના સદ્‌ગુરુ સેગ્વીનનો મત એવો છે કે બાળકમાં સ્વભાવથી જ દુષ્ટતા અને ક્રોધ નથી. આપણા અવિચારી દબાણ અને બાળકની સહજ પ્રવૃત્તિ સામેના આપણા વિરોધને લીધે ખાસ કરીને આપણે જ તેમને તે અવગુણો બક્ષેલા છે. એક તરફ બાળક અને બીજી તરફ આપણે એકબીજાના વિરોધી થઇને લગભગ નિરંતર લડત ચલાવે જઇએ છીએ. બાળક અને મોટાંઓના પરસ્પરના વિરોધની સામે ડૉ. મોન્ટેસોરી સખત વાંધો દર્શાવે છે, અને આપણા વિરોધમાંથી તથા આપણા દબાણમાંથી બાળકોને મુક્ત કરવા સારૂ તે સ્વાતંત્ર્યના સિદ્ધાન્તને આપણી સમક્ષ રજુ કરે છે.

બાળકને સ્વતંત્રતા આપવી તેનો અર્થ ખાસ કરીને એવો છે કે બાળક જે કાંઇ કરવા ઇચ્છે તે કરવા તે સ્વતંત્ર છે એવું સંપૂર્ણ ભાન તેને થવા દેવું જોઇએ. અર્થાત બાળકની પરિસ્થિતિ એવી ન જોઇએ કે તેને સીધી કે આડકતરી રીતે એમ લાગે કે તે પોતાની હીલચાલમાં અસ્વતંત્ર છે. કારણકે બાળક જ્યારે પોતાની જાતને જાણ્યે અજાણ્યે સ્વતંત્ર અનુભવી શકે છે ત્યારે જ તે વિકસે છે, પ્રફુલ્લિત થાય છે. બાળક જે કરે તે તેને કરવા દેવું જોઇએ, તેનો અર્થ એવો નથી કરવાનો કે બાળકને ગમે તે કરવા માટે આપણે દૈવાધીન કરી મૂકીએ. અથવા તો એમ પણ નહિ કે સ્વાતંત્ર્યમાંથી ઉદ્ધતાઇના પ્રદેશમાં તે ઉતરી જાય તેમ થવા દેવું જોઇએ. બાળક વનસ્પતિ નથી તેમ જ તે જનાવર પણ નથી, જો કે વિકાસના કેટલાક સામાન્ય નિયમો બન્નેમાં સરખા જ છે. અર્થાત બાળક કેવળ પ્રેરણાને વશ નથી, તેમ તેનું જ્ઞાન પ્રેરણા માત્રથી મર્યાદિત પણ નથી. બાળક પોતાની જાતે જ વિકસી શકે છે એ વાત સાચી છે, પરંતુ જ્ઞાન લેવાની ક્રિયામાં પ્રેરણા તેને હમેશ મદદગાર ન હોવાથી બાળક કેટલુંક અણસમજ્યે કરી બેસે છે કે જે અટકાવીએ નહિ તો ચાલે જ નહિ. આનું કારણ બાળક સામાજિક પ્રાણી છે. સમાજમાં રહેનાર વ્યક્તિને સામાજિક

જીવનની અને નૈતિક જીવનની ભાવના અને તદનુસાર વર્તન સ્વીકારવાં જ પડે. આથી કેળવણીની કોઇ પણ યોજના એવી નહિ થઇ જવી જોઇએ કે પરિણામે સામાજિક વ્યવસ્થાનું કે નીતિનું ધોરણ ઉથલી પડે. આ જ કારણથી સ્વાતંત્ર્યના સિદ્ધાન્ત ઉપર ડૉ. મોન્ટેસોરી બે બંધનો–મર્યાદા મૂકે છે:

(૧) બીજાના હકોનું સન્માન કે આપણી બીજાઓ પ્રત્યે ફરજ.

(૨) ખરાબ અને સારૂં એ બે ગુણોનો ભેદ.

ડૉ. મોન્ટેસોરી બાળકને એવું એક પણ કામ કરવા ન જ દે કે જે કામ નકામું, ભયંકર કે બીજાને નુકસાનકારક હોય અથવા પાપી કે અનીતિમય હોય. આવા પ્રકારના કામને દાબી દેવા કે નિર્મળ કરવાની તેઓ ખાસ ભલામણ કરે છે. તેમ છતાં આપણી શાળાઓમાં જે બધું સારાને નામે ઓળખાય છે, અને બીજું જે બધું ખરાબ ગણી નિંદવામાં આવે છે, તે બધાને તેવી જ રીતે સારૂં અગર ખરાબ છે એમ માનવાની ડૉ. મોન્ટેસોરી ના પાડે છે. આપણી નિશાળોમાં તો સારૂં એટલે હીલચાલરહિતપણું—ચૈતન્યશૂન્યતા અને નઠારૂં એટલે હીલચાલ એમ મનાય છે. આવી માન્યતાનો ડૉ. મોન્ટેસોરી સખત વિરોધ કરે છે. તે માને છે કે સ્વાતંત્ર્ય એટલે જ પ્રવૃત્તિ અને પ્રવૃત્તિ એટલે ભલાઇ.

સ્વાતંત્ર્યના સિદ્ધાન્તાનુસાર બાળકને અમુક કામ કરવાની ફરજ પાડી શકાય નહિ, એટલું જ નહિ પરંતુ તેને કામ કરવાને દબાણ કે લાલચ પણ દઇ શકાય નહિ. પોતાના વિકાસને પોષવા સારૂ બાળક પોતાની મેળે જ અનુકૂળ પરિસ્થિતિમાંથી યોગ્ય સાધનો લઇ શકે છે. એ કુદરતી નિયમ છે. એ કુદરતી નિયમ પ્રવર્તતો હોય ત્યારે શિક્ષકે તો માત્ર દ્રષ્ટા બની જવાનું છે. બાળક પોતાના વિકાસમાં કેમ વધે છે તે જોતા જવાનું અને જરૂર પડે તો જ તેને મદદ આપવાનું શિક્ષકનું કામ છે; આમાં જ શિક્ષકની ખરી કસોટી છે. કેવળ દ્રષ્ટાની

સ્થિતિમાં રહેવાનું કામ સહેલું નથી. તેમ છતાં બાળકના કોઇ અસદ્‌વર્તનના પ્રસંગો ઉપસ્થિત થાય તો તે બેશક શિક્ષક રોકી શકે જ, અને એવું અસદ્‌વર્તન કયું ગણવું તે પણ શિક્ષક જ નક્કી કરી શકે. આ પદ્ધતિના ખરા ઉપાસકમાં તો એ બાબતનો વિવેક આવી જ જાય છે. આ કામ ઘણું જ નાજુક છે. બાળક પણ એક અતિ નાજુક યંત્ર છે. તેની સાથે કામ પાડનાર માણસ નાજુકમાં નાજુક હથિયારોથી કામ કરી શકે તેવો હોવો જોઇએ. આ કામ (અસદ્‌ વર્તનને દૂર કરવાનું) ઘણી જ ધીરજ અને ડહાપણથી કરવાનું છે. બાળકના દરેક અવગુણને નરમાશ અને દૃઢતાથી દાબી દેવાનો છે. ક્રોધના આવેશને બદલે દયા અને માયાની લાગણીથી બાળકના મન ઉપર પ્રકાશ પાડવાનો છે. પ્રત્યેક હુકમ એવો હોવો જોઇએ કે જેનો અમલ આપણે કરાવી શકીએ જ. અસદ્‌વર્તન કેવી રીતે દબાવવું તેના કેટલાક દાખલા નીચે પ્રમાણે છે: — એક બાળક બીજા બાળકના ચાળા પાડે તો આપણે આપણી નાખુશી જાહેર કરી શકીએ; પરંતુ 'આમ કરવું ખરાબ, અથવા ફરીવાર આવું કરશો નહિ' એમ કહેવાનો કંઇ અર્થ નથી. બાળકો લડતા હોય તો તેમને છુટા પાડવા અને તે માટે જરૂરી બળ વાપરવું ઠીક છે, પણ 'તમે લડશો નહિ અને લડશો તો શિક્ષા કરવી પડશે' એમ કહેવું નકામું છે. ઉતાવળા બાળકને છેલ્લો વારો આપવો, બીજાનું બગાડી દેનારને બહાર બેસાડવો, એ ઉપાયો સ્વાતંત્ર્યના સિદ્ધાન્તની મર્યાદામાં ગણાય છે.

ઉક્ત પ્રકારનું સ્વાતંત્ર્ય આપવાથી શાળાની વ્યવસ્થામાં કોઇ પણ જાતનો વાંધો આવતો નથી. ખરી વ્યવસ્થા સ્વાતંત્ર્યમાંથી આવે છે, સ્વાતંત્ર્ય વિના વ્યવસ્થા સંભવી શકતી જ નથી. ડૉ. મોન્ટેસોરી પોતાના એક પુસ્તકમાં વ્યવસ્થિત વર્ગનું વર્ણન આ પ્રમાણે આપે છે:

A room in which all children move about usefully, intelligently, and voluntarily without

committing any rough or rude act, would seem to me (Dr. Montessori) a class-room very well disciplined indeed.

હવે સ્વતંત્ર આવિર્ભાવનો સિદ્ધાન્ત તપાસીએ. આ સિદ્ધાન્ત સ્વાતંત્ર્યના સિદ્ધાન્તમાંથી ઉદ્ભવે છે. સ્વતઃ આવિર્ભાવ એટલે બાળક મરજીમાં આવે તે કરવા મુખત્યાર છે એટલું જ નહિ પણ મરજીમાં આવે ત્યારે કરવા મુખત્યાર છે, તેમ જ મરજીમાં આવે તે ક્રમ પ્રમાણે કરવા સ્વતંત્ર છે. આ સિદ્ધાન્ત સ્વાભાવિક છે. બાળકનો વિકાસ બાળકની આન્તરવૃત્તિ ઉપર અવલંબે છે. તેથી એ આન્તરવૃત્તિ જ્યારે જાગૃત થાય ત્યારે જ વિકાસ સંભવિત છે. બહારનું ગમે તેટલું વલણ કે આકર્ષણ આન્તરવૃત્તિની જાગૃતિ ન હોય તો નકામાં જ જવાનાં. આથી જ કંઇપણ કરવામાં બાળકને સ્વતઃ આવિર્ભાવ આવવો જોઇએ અને તે આવે એટલે બાળકની ખરી કેળવણી શરૂ થવાની જ.

મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનો

મોન્ટેસોરી પદ્ધતિમાં જે સાધનોનો વપરાશ છે તે સાધનોના સાધારણ રીતે બે વિભાગ પાડી શકાય.

૧. વ્યવહારનાં સાધનો.

૨. પ્રબોધક સાહિત્યો.

આ સાધનો મોટે ભાગે લાકડાનાં બનાવેલાં છે. દેખીતી રીતે તે લેશમાત્ર આકર્ષક નથી. છતાં આ સાધનો અદ્‌ભુત અને જાદુઇ ગણાય છે. ડૉ. મોન્ટેસોરીએ આ સાધનો કલ્પનાથી કે અધકચરા અખતરાઓ ઉપરથી કરેલ અનુમાનોને આધારે કરેલાં નથી. જુદી જુદી વયના અનેક બાળકોના કુદરતી વિકાસના નિરીક્ષણના પરિણામે આ સાધનોની યોજના થઇ છે. ડૉ. મોન્ટેસોરી માને છે કે અમુક

અમુક વખતે બાળકોમાં વિકાસની ક્ષુધા ઉત્પન્ન થાય છે. એ ક્ષુધા તૃપ્ત કરવાને બાળકને જો યોગ્ય સાધન મળી રહે તો બાળક તેના ઉપર આક્રિન થાય છે અને તેના ઉપર એકધ્યાનથી ગમે તેટલો વખત કામ કરે છે. જે વસ્તુથી બાળકનું ધ્યાન સ્થિર થાય છે તે વસ્તુનો વપરાશ બાળક એકધ્યાનથી વારંવાર કર્યા કરે છે. તે વસ્તુ જ બાળકના સર્વદેશી વિકાસનું સાધન બને છે. જે સાધનોથી બાળકો રમે છે તે સાધનો મોન્ટેસોરી પદ્ધતિમાં આન્તરવિકાસની બહાર દેખાતી કસરત માત્ર છે. સાધનો દ્વારા રમતો કે કસરત મોન્ટે-સોરી પદ્ધતિનું ધ્યેય નથી પરન્તુ રમતો કે કસરતો દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ મોન્ટેસોરી પદ્ધતિનું ધ્યેય છે. બેશક એ પદ્ધતિનાં સાધનોના વપરાશથી બાળકોમાં જુદી જુદી જાતનું જ્ઞાન ઉદ્દભવે છે અને તે જ્ઞાનથી બાળજીવન આનંદિત તથા સુખી થઇ જાય છે એ ખરૂં છે છતાં તે તો અવાન્તર પરિણામ જ છે.

સ્વાભાવિક રીતે પોતાનો વિકાસ શોધનાર બાળકને જો કોઇ પણ પ્રકારનું જ્ઞાન લેવાની તુરતની જરૂર હોય તો તે જ્ઞાન પોતાની આસપાસની દુનિયાનું છે. આ દુનિયા આકારો, રંગો જુદીજુદી જાતની સુંવાળી ખરબચડી સપાટીઓ, સુવાસો, કુવાસો અને સ્વાદ બેસ્વાદથી ભરેલી છે. આ દુનિયામાં જીવવા માટે શરીર અને શરીરની સર્વ ઇન્દ્રિયોનો વિકાસ ખસુસ આવશ્યક છે. આથી જ બાળક પોતે કુદરતી રીતે પોતાની શરીરશક્તિ, ઇન્દ્રિયોની શક્તિ, અને દુનિયાનો પરિચય વધારવા માટે શરૂઆતથી જ પ્રયત્ન કરે છે. વિના શિક્ષકે અને વિના પદ્ધતિએ જન્મથી જ પોતાનું આ કાર્ય શરૂ કરે છે અને જીંદગીભર તે ચાલુ રાખે છે. પરન્તુ બાળકોમાં એકલી પ્રેરણાબુદ્ધિ નથી તેથી તેના પ્રયત્નો ઘણીવાર જોખમભર્યા થાય છે. તેના પ્રયત્નો પદ્ધતિસરના ન હોવાથી, તેનો દુનિયાનો પરિચય અને શરીરનો વિકાસ, વ્યવસ્થિત હોતો નથી. બાળકના સર્વાંગી વિકાસ માટે જ્યારે વ્યવસ્થા ઉભી થાય

ત્યારે જ બાળકને જે જાતના વિકાસની ભૂખ છે તે જાગે છે અને તે મટાડવા માટે યોગ્ય સાધનો મોન્ટેસોરી પદ્ધતિમાં છે. આ પદ્ધતિથી શીખનાર બાળકોને દુનિયા સજીવ ભાસે છે. દુનિયામાં કળા, કૌશલ્ય, સાહિત્ય વગેરે જે અખૂટ અને અમૂલ્ય સાધનો કુદરતે છૂટે હાથે વેરેલાં છે તે તે ભાળી શકે છે અને જીવનમાં સ્વર્ગસુખ અનુભવે છે. આવો અનુભવ સઘળા સાચા મોન્ટેસોરી શિક્ષકોનો છે.

મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનો એક જ દિવસે એક જ સપાટે જોહુકમીથી ઉપજાવી કાઢયાં નથી, એ સાધનો તો એની મેળાએ જ નક્કી થયાં છે. બાળકે પોતે જ જુદીજુદી ઉમ્મરે પોતાના વિકાસ માટે કયાં કયાં સાધનો ઉપકારક છે તે વારંવાર બતાવી આપ્યું છે. ડા. મોન્ટેસોરી કહે છે કે મેં આ સાધનો સાચાં તરીકે સ્વીકાર્યાં તે પહેલાં અસંખ્ય સાધનોનો ત્યાગ કર્યો છે. આ જ સાધનો બાળકો માટે યોગ્ય છે એવું મને બાળમાનસશાસ્ત્રે જ શીખવ્યું છે. આ સાધનો સાચાં છે કે ખોટાં છે એ જાણવાની રીત એક જ છે અને તે એ છે કે સાધનો બાળકને આકર્ષી શકે છે કે નહિ અને બાળકમાં તે વારંવાર વાપરવાનું મન કરાવે છે કે નહિ ? આ સાધનો બાળકો પાસે તેની ઉમ્મરની યોગ્યતા પ્રમાણે મૂકાવાં જોઇએ. બાળક કાં તો સાધનોનો ઉપયોગ કરશે જ નહિ, કાં તો સાધનોનો યથાર્થ ઉપયોગ કરી થોડી જ વારમાં સાધન છોડી દેશે અથવા તો એ સાધનો પર તલ્લીન થઇ તે ઉપર પુનરાવર્તન કર્યા જ કરશે. જો બાળક સાધનને વાપરે જ નહિ તો વિચાર કરવાનો કે કાં તો બાળક તે સાધનો માટે યોગ્ય ઉમ્મરનું થયું નથી, કાં તો બાળક તેનો ઉપયોગ સમજતું જ નથી, અથવા તો બાળકની ઉમ્મર વધી જવાથી બાળક તે સાધનોમાં રસ લઇ શકે તેમ નથી. જો બાળક સાધનોનો ઉપયોગ સમજતું નથી એમ લાગે તો સાધન કેમ વાપરવું તે શિક્ષકે બતાવવાનું છે અને પછી બાળકના આવિર્ભાવ માટે રાહ જોવાની છે. અત્યાર-

સુધીના અખતરાઓથી સામાન્ય રીતે બાળકનો વિકાસ કયા ક્રમે થાય છે તે નક્કી થઇ ચૂક્યું છે અને તેને આધારે બાળવિકાસનાં સાધનોના વપરાશનો ક્રમ પણ નક્કી થયો છે. (આ ક્રમ આ વિષયના છેલ્લા પ્રકરણ તરીકે આપેલો છે.) છતાં બાળકે નિશ્ચિત ક્રમાનુસાર ચાલવું જ જોઇએ એમ કંઇ નથી; તેમ બાળક હરહમેશ નિશ્ચિત ક્રમ પ્રમાણે ચાલતું પણ નથી. ઘણીવાર ગમે તે એકાદ પગથિયાથી શરૂ કરે છે અને પાછળથી પ્રથમના પગથિયામાંથી પસાર થઇ જાય છે. આવો શિક્ષકોનો અનુભવ છે. જો બાળક સાધનનો યથાર્થ ઉપયોગ કરી છોડી દે તો ક્રમમાં આવતું પછીનું સાધન તેને ધરવાનું છે. જો બાળક તલ્લીન થઇ પુનરાવર્તન કર્યાં જ કરે તો તેમાં અટકાયત કરવાની નથી. કોઇ પણ વખતે બાળકને ઉત્તેજવાનું પણ કંઇ કારણ નથી.

મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનોનો ફતેહમંદ ઉપયોગ કરવા માટે કેટલીક બાબતો દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવા જેવી છે એ નીચે પ્રમાણે છેઃ—

૧. શિક્ષકે, મોન્ટેસોરી સાધનો જેવાં વર્ણવવામાં આવ્યાં છે તેવાં જ વાપરવાની ખાસ જરૂર છે. સાધનનો નાનામાં નાનો ભાગ કે સાધનને લગતી નાનામાં નાની વિગત બાળમાનસશાસ્ત્રાનુસાર નક્કી થએલી છે. આથી તેમાં કોઇપણ જાતનો ફેરફાર કરવાનો નથી. અધૂરાં કે ખોટાં સાધનો વાપરવાનાં નથી. ડૉ. મોન્ટેસોરી કહે છે કે હું મારાં સાધનો વાપરવાની જરા પણ ભલામણ કરતી નથી. હું જો કોઇ પણ દેશમાં કેળવણીનો વડો અધિકારી હોઉં તો મારાં સાધનોના વપરાશ માટે જરા પણ હિમાયત કરૂં નહિ, પણ એમ કહું કે મારી શાળાઓનાં પરિણામો જુઓ, મારાં સાધનોને બરાબર વાપરો અને હું કહું છું તેવાં પરિણામો આવે તો જ મારી પદ્ધતિનો સ્વીકાર કરો. સાધનોનો

ગમે તેવો ફેરફાર કરી સાધનોના નિષ્ફળ પ્રયોગ માટે ડૉ. મોન્ટેસોરીની પદ્ધતિને દોષિત ઠરાવવા માટે ડૉ. મોન્ટેસોરી ચોખ્ખેચોખ્ખી ના પાડે છે.

૨. શિક્ષકે સ્થૂળ સાધનોના વપરાશ માટે જ કેવળ વિચાર કરવાનો નથી. સાધનોનો વપરાશ તો બાળકો કરી શકે અને છતાં બાળકોમાં ધાર્યું પરિણામ જોઇ ન શકાય; સાધનોના યથાર્થ ઉપયોગ માટે તો સાધનો પાછળ પદ્ધતિનો જે આત્મા છે તેને શિક્ષકે પકડવાનો છે. આત્મા વિનાનું સાધનોનું ખોખું શિક્ષકને કાંઇ પણ લાભ આપી શકશે નહિ.

૩. જે સાધનો બાળકો પાસે મૂકવાનાં છે તે સાધનો શિક્ષકે જાતે જ બાળક બની જઇ વારંવાર વાપરવાનાં છે. આમ કરવાથી જ બાળકની દૃષ્ટિ શિક્ષકમાં આવી શકે છે અને એ દૃષ્ટિ મળતાં શિક્ષકમાં પદ્ધતિનો આત્મા આવી શકે છે

૪. સાધનોનો જે ઉપયોગ નિર્મિત થયો છે તે જ ઉપયોગ બાળકો કરે તે માટે શિક્ષકે બહુ કાળજી રાખવાની છે. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં અને મોન્ટેસોરી પદ્ધતિમાં આ સ્થળે મતભેદ છે. કોઇ પણ સાધનનો કોઇ પણ કલ્પિત ઉપયોગ કરવાની કિન્ડરગાર્ટન પદ્ધતિમાં છૂટ છે. આ છૂટનું કારણ એ છે કે કિન્ડરગાર્ટન પદ્ધતિમાં એવી માન્યતા છે કે બાળક જે કંઇ કરે છે તેથી તેની કલ્પનાશકિતને પોષણ મળે છે અને તેથી સાધનના નિશ્ચિત ઉપયોગ ઉપર કિન્ડરગાર્ટનમાં ભાર મૂકવામાં આવ્યો નથી. મોન્ટેસોરી પદ્ધતિની ખુબી જ એ છે કે તેનાં સાધનો દ્વારા બાળકો પોતાની જુદા જુદા પ્રકારની ભૂખ શાન્ત કરે છે. આથી મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનોનો ઉપયોગ અમુક રીતે કરવો જોઇએ એમ ઠરાવવામાં આવ્યું છે. ને જો બાળક સાધનોનો દુરુપયોગ કરે તો બાળક પાસેથી તે સાધન આસ્તેથા લઇ લઇ બાળકને

જે દિશા તરફ જવાનું વલણ હોય તે દિશા તરફ તેને લઇ જાય તેવાં સાધનો તેની પાસે મૂકવાનાં છે. દાખલા તરીકે બાળકનું વલણ બંગલા બાંધવા તરફ હોય અને મિનારાના જુદા જુદા કદનો ઘનોવડે બંગલો બાંધવાનો આરંભ કરી ઘનોનો દુરુપયોગ કરે તો તેને ઇંટો અને ગારો આપી કે ફ્રોબેલની લાકડાની-ઇંટો આપી તેના વલણને તૃપ્ત કરવું જોઇએ.

મોન્ટેસોરી પદ્ધતિમાં શિક્ષક કેવો હોવો જોઇએ ? અત્યાર સુધીમાં જે શિક્ષણપદ્ધતિઓ રચવામાં આવી છે તે પદ્ધતિઓ શિક્ષણના વિષયના અવલોકન ઉપર અને પદ્ધતિકારના કાલ્પનિક વિચારો ઉપર રચવામાં આવી છે. જેને શિક્ષણ આપવું છે તેનો પદ્ધતિ રચવામાં ભાગ્યે જ વિચાર કરવામાં આવ્યો છે. દાખલા તરીકે મૂળાક્ષરો શીખવવાની પદ્ધતિની યોજનામાં મૂળાક્ષરોના આકારોનો અને મરોડનો જ વિચાર કરવામાં આવેલો છે. તેમાંથી જ ખંડપદ્ધતિ અને કૉપીબુક લેખનપદ્ધતિ જન્મી છે. પરન્તુ બાળકના મનનો, મગજનો કે હાથના સ્નાયુઓનો વિચાર કરવામાં આવ્યો જ નથી. બાળકોનું વલણ લેખનની બાબતમાં કેવું હશે તેના વિચારને બદલે અક્ષરોનું વલણ કેવું છે તેનો જ વિચાર કરવામાં આવ્યો છે. કેળવણીનો વિષય પણ એક વૈજ્ઞાનિક વિષય થતો જાય છે. દાકતરો જન્તુનો અભ્યાસ કરવો હોય ત્યારે જંતુને માફક આવે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન કરી જન્તુને તેમાં મૂકી દૂરથી તેનું અવલોકન કરી તેના વિકાસના નિયમો શોધે છે. ખગોળવેત્તા ખગોળના જ્ઞાન માટે બરાબર દૂરબીન ગોઠવી બેસી રહે છે અને એ વિદ્યાનો અભ્યાસ કરે છે; તેમ જ બાળકને તેની સ્વાભાવિક સ્થિતિમાં વિલોકવાનો અને તે ઉપરથી બાળકને સમજી લઇ, તે સમજણ ઉપર કેળવણીનું ધોરણ રચવાના નવીન પણ વિજ્ઞાનદૃષ્ટિવાળા આદર્શોનો ઉદય કેળવણીના આકાશમાં થવા લાગ્યો છે. આ

કાર્યમાં ડૉ. મોન્ટેસોરી પ્રમુખસ્થાને છે. ડૉ. મોન્ટેસોરી માને છે કે હવે શાળા, શાળા મટી પ્રયોગશાળા બની જવી જોઇએ, અને બાળક વિષયોનું વિધેય મટી વિજ્ઞાનનું વિધેય થવું જોઇએ. આવી પ્રયોગશાળામાંથી જ શિક્ષણના સિદ્ધાન્તો ઉપજી આવશે અને મનુષ્ય કેળવણીનો સંગીન પાયો નાંખશે. આવી શાળાનો ઉદ્દેશ બાળકોને સુંદર રીતે શિક્ષણમાં યોજવા એ એક જ ન હોઇ શકે. પરંતુ એ યોજનાને યથાર્થ રીતે અમલમાં મૂકે એવાં સાધનો પણ યોજવાં જોઇએ. આ સાધનોમાં મુખ્ય સાધન શિક્ષક છે. આ શિક્ષક કેવો હોવો જોઇએ તે અગત્યનો વિષય છે. શિક્ષકમાં પ્રથમ ગુણ અવલોકન કરવાનો હોવો જોઇએ. અવલોકન કરવાનું કાર્ય સહેલું નથી. માણસ જ્ઞાનવાન હોય અને એની કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયો તેજ હોય છતાં તે અવલોકન ન કરી શકે એ અસ્વાભાવિક નથી. અવલોકન એ એક ટેવ છે. આથી જેને એ ટેવ પડી હોતી નથી તે માણસ અવલોકન કરી શકતો નથી. અવલોકન કરનારમાં અસાધારણ ધીરજની જરૂર છે. બાળકોને કંઇ પણ શીખવવાનું ન હોય છતાં બાળકોને તેમના વલણ પ્રમાણે વારંવાર દોરવાનું કામ જેવું તેવું નથી. બાળકને કંઇ શીખવી દઉં એ વૃત્તિને બદલે બાળકને જાતે શીખવા દેવાની વૃત્તિને ગતિ આપવાનું કામ, બાળક રખડે છે તેને બદલે તેણે શું કરવું અથવા બાળક નહિ શીખે તો તેનું શું થશે એ વિચારોને બદલે બાળક વિના પ્રયોજન રખડતું નથી અને યોગ્ય પરિસ્થિતિમાં તે અભણ રહેવાનું જ નથી એવો વિશ્વાસ રાખવાની દૃઢતા, એ જ શિક્ષકની ધીરજની કસોટી છે. 'હૈયું બાળ્યા કરતાં હાથ બાળ્યા સારા' એને બદલે હૈયું બાળવું સારૂં પણ હાથ બાળવા નહિ એટલે કે તટસ્થ ઉભા રહી બધું જોયા કરવું અને એકદમ શીખવાડવાના પ્રયત્નો કરવાને બદલે હૃદયને પરિતાપ આપવાનું

કામ ધીરજ વિના બની શકતું નથી. બાળકોની સેવામાંથી મુક્ત થઇ તેના કેળવનાર થવામાં અખૂટ ધીરજ વિના ચાલતું નથી. ડૉ. મોન્ટેસોરીએ પોતે જ તાલીમ આપેલ શિક્ષિકાઓને જ્યારે પહેલવહેલાં કહેવામાં આવ્યું કે હવેથી તમારે મોન્ટેસોરી શાળાઓ ચલાવવાની છે અને તેમાં તમારે દૃષ્ટા તરીકે જ કામ કરવાનું છે, ત્યારે તેઓએ કહ્યું કે "અમે તો શિક્ષિકાઓ છીએ, અમારૂં કામ કાંઇક શીખવવાનું છે, દૃષ્ટા તરીકે જોવાનું કામ એ કંઇ કામ નથી." પરંતુ થોડા જ વખતમાં તેમને ખાત્રી થઇ કે કોઇ પણ કામ અઘરામાં અઘરૂં હોય તો તે અવલોકનનું છે.

૨. શિક્ષકમાં બીજો ગુણ વાણીના સંયમનો છે. કિન્ડરગાર્ટન કે બીજી શાળાઓના શિક્ષકનો બધો આધાર શિક્ષકની સુંદર, આકર્ષક, સ્પષ્ટ અને ખુલાસાવાળી વાણી ઉપર છે. શિક્ષક જેટલું વધારે સમજાવે ને બાળકો જેટલું વધારે સાંભળ્યા કરે તેટલું લાભદાયક એવો જૂનો આદર્શ છે. મોન્ટેસોરી શિક્ષકનો આદર્શ એથી કેવળ વિરુદ્ધ હોવો જોઇએ. તેણે બનતાં સુધી મૌનનું કડક વ્રત ધારણ કરવું જોઇએ. જ્યાં ન છૂટકે અથવા વ્યક્તિગત પાઠ આપતી વખતે વાણીપ્રયોગની આવશ્યકતા ઉભી થાય ત્યાં પણ શિક્ષકે વાણીના વપરાશમાં અતિ કૃપણ થવું જોઇએ. મોન્ટેસોરી શાળામાં કામ કરનારા શિક્ષકના જીવનમાં ક્ષણે ક્ષણે એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે કે વાણીના સંયમ વિનાનો શિક્ષક મહાન ભૂલો જરૂર કરી બેસે. કેવી રીતે વર્ગમાં શિક્ષકે બોલવું એ સંબંધે જૂની પદ્ધતિના સઘળા નિયમોનો લાભ વાણીના સંયમ માત્રમાંથી ઉદ્‌ભવે છે.

૩. શિક્ષકનો ત્રીજો ગુણ નિરભિમાનપણાનો છે. જૂની પદ્ધતિનો શિક્ષક એમ માને છે કે પોતાના જ્ઞાનભંડારમાંથી બાળકોને જ્ઞાન-સમૃદ્ધિ આપવા પોતે તેમની સમક્ષ ખડો થયો છે. તેની કલ્પના

એવી હોય છે કે તેનું જ્ઞાન ખામીરહિત છે, અને તે એવી ભ્રમણામાં રહે છે કે દુનિયામાં બાળકોને શીખવવાનું કાર્ય સૌથી સહેલું અને નમાલું છે. તેનો હમેશનો આગ્રહ એવો હોય છે કે બાળકને પોતે જે કંઈ શીખવે તે શીખવાને બાળક યોગ્ય જ છે અને તેમાં જ તેને લાભ છે. મોન્ટેસોરીના શિક્ષકે તો હમેશ એમ માનવાનું છે કે બાળક જ કેળવણીશાસ્ત્રનું મૂળ છે. ત્યાંથી જ કેળવણીશાસ્ત્રનાં પાણી ભરવાનાં છે. એ માને છે કે બાળકને તે કંઇ આપી શકનાર નથી. માત્ર બાળકને તેના વિકાસમાં યથાશક્તિ પોતે મદદ કરનાર છે. બાળકો પાસેથી પણ શીખવાનું છે અને બાળકોથી આપણી ભૂલો આપણે સુધારી શકીએ એવું તે માને છે. તેની નમ્રતા એટલી બધી હોય છે કે તે હંમેશ પોતાની કંઈ ભૂલ ન થાય, બાળકને કોઇ પણ જાતનો અન્યાય ન મળે તે માટે સાવધ રહે છે.

૪. મોન્ટેસોરીના શિક્ષકમાં જે ગુણો વિજ્ઞાનશાસ્ત્રીમાં હોવા જોઇએ તે ગુણો પણ જરૂરના છે. નિરીક્ષણ કરવાની શક્તિ, ખંત, ઉદ્યોગ, ધીરજ, પરિણામને માટે ઉતાવળાપણું નહિ, તાત્કાલિક નિર્ણય કરવાની શક્તિ અને ચોકસાઇ વગેરે ગુણો વિના તેને ચાલે જ નહિ. તેની દૃષ્ટિ અને બાળકની દૃષ્ટિનો મેળ, અને બાળક એક નાજુક યંત્ર છે એવો ખ્યાલ, તેના મનમાં ચોકસપણે ઠસવાં જોઇએ. આ ઉપરાંત માનસશાસ્ત્ર, શરીરશાસ્ત્ર વગેરેનું જ્ઞાન તેનામાં ન હોય તો તે શિક્ષક તરીકે અપૂર્ણ છે.

૫. છેલ્લો અને અતિ મહત્ત્વનો ગુણ એ છે જે શિક્ષકને બાળકની વ્યક્તિમાં અસાધારણ વિશ્વાસ જોઇએ, બાળક માટે તેને અખૂટ સન્માન જોઇએ, બાળક પ્રત્યે તેને સંપૂર્ણ સહાનુભૂતિ જોઇએ અને ખાસ કરીને બાળકમાં અને મોન્ટેસોરી પદ્ધતિમાં ધાર્મિક લાગણી, ધાર્મિક જુસ્સો અને શ્રદ્ધાભક્તિ જોઇએ.

આવા ગુણોવાળો શિક્ષક મોન્ટેસોરી પદ્ધતિનો શિક્ષક થઇ શકે.

ફ્રોબેલ અને મોન્ટેસોરી શાળાઓમાં તફાવત

મોન્ટેસોરી શિક્ષણપદ્ધતિનો જેમ જેમ પ્રચાર થવા લાગ્યો તેમ તેમ તે પદ્ધતિના ઉપાસકો અને વિરોધીઓ વધવા લાગ્યા. વિરોધીઓ બે પ્રકારના છે. એક પ્રકારના વિરોધીઓ એમ માને છે કે જેવી ફ્રોબેલની પદ્ધતિ છે તેવી જ મોન્ટેસોરીની પદ્ધતિ પણ છે, અને બીજો પ્રકાર એમ માને છે કે મોન્ટેસોરી પદ્ધતિમાં કંઇ વિશેષતા નથી. જે આદર્શો કિન્ડરગાર્ટન પદ્ધતિના છે તે જ આદર્શો મોન્ટેસોરી પદ્ધતિના છે. સાધનોમાં જે કંઇ તફાવત છે તે મહત્ત્વનો નથી. પહેલા પ્રકારના વિચારકોને કંઇ ઉત્તર આપવાપણું નથી કારણ કે તેઓ કેળવણીના ક્ષેત્રમાં સાપરાધ પ્રવેશ કરનારાઓ છે એવું નરી આંખે જોઇ શકાય છે. બીજા પ્રકારના વિરોધીઓને ઉત્તર આપી શકાય તેમ છે. એ ઉત્તર આ ચર્ચામાં આવી જશે.

પદ્ધતિઓમાં શો તફાવત છે તે બતાવતાં પહેલા બન્ને પદ્ધતિઓમાં સામ્ય કેટલું છે તે પ્રથમ જોઇએ. બન્ને પદ્ધતિમાં સામ્ય હોય જ કારણકે બન્ને પદ્ધતિના સ્થાપકનો ઉદ્દેશ એક જ—ત્રણથી ચાર વર્ષનાં બાળકોને ઉત્તમ પ્રકારની કેળવણી આપવાનો છે. બન્ને પદ્ધતિઓ ત્રણથી છ વર્ષનાં બાળકો માટે નિર્મિત થએલી છે. બાગાયત અને પ્રાણીસંરક્ષણનું જ્ઞાન આપવાની યોજના બન્ને પદ્ધતિમાં છે. રમતો અને સંગીત બન્ને પદ્ધતિના આત્મારૂપ છે. બાળકોને સુખી અને આનંદી રાખવા એ બન્ને પદ્ધતિમાં પ્રમુખપણે સ્વીકારાયેલું છે. શિક્ષા અને ઠપકાને બન્ને પદ્ધતિમાં અવકાશ નથી અને બાળકો માટે પ્રેમ અને સન્માન બન્ને પદ્ધતિના સૂત્રરૂપે છે. આમ હોવા છતાં બન્ને પદ્ધતિમાં એટલો બધો ફરક છે કે લગભગ બન્ને પદ્ધતિઓ એકબીજીથી સામસામી કહી શકાય. બન્ને પદ્ધતિમાં મહત્ત્વનો ફેર નીચે પ્રમાણે નોંધી શકાય.

૧. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં શિક્ષક કેન્દ્રસ્થાને છે. શિક્ષકે જ બાળકને યુક્તિ પ્રયુક્તિથી અને રસથી શીખવવું જોઇએ. શિક્ષક જ બાળકના વિકાસ માટે જવાબદાર છે અને તેથી નિરન્તર તે પોતાને સોંપેલા બાળકના વિકાસ માટે સચિન્ત અને પ્રયત્નશીલ રહે છે. શિક્ષકનું જ કાર્ય જ્ઞાન રેડવાનું, રસ ઉત્પન્ન કરવાનું અને પ્રેમ મેળવવાનું છે. શિક્ષક બાળકોનો પ્રાણ છે, આધાર છે, શિક્ષક વિના બાળકો પોતાનું કામ પોતાની મેળે ક્ષણવાર પણ ચલાવી શકતાં નથી. મોન્ટેસોરી પદ્ધતિમાં શિક્ષકનું સ્થાન કૈંક જુદું જ છે. એમાં શિક્ષકની વ્યક્તિ છેક પાછળ પડી જવી જોઇએ, શિક્ષકે દ્રષ્ટા રહી માત્ર પ્રેરક બનવું જોઇએ, બાળકને શીખવાડવાને બદલે જાતે શીખવા દેવું જોઇએ, બાળકને પોતાની મુશ્કેલીઓ જાતે જ દૂર કરી પોતાનો વિકાસ કરવા માત્ર અનુકૂળતા કરી આપવી જોઇએ અને વિકાસ માટે યોગ્ય પરિસ્થિતિ ઉત્પન્ન કરી બાળકોને એ પરિસ્થિતિમાં છૂટાં મૂકીને તેમને સ્વાતંત્ર્ય અને સ્વતઃઆવિર્ભાવના સિદ્ધાન્તોનો લાભ આપવો જોઇએ. શિક્ષકે પરિણામદર્શી થવા કરતાં વિજ્ઞાનની દૃષ્ટિથી બાળકનું અવલોકન કરી તેને અનુકૂળ વિકાસ લેવા દેવામાં સંતોષ માનવો જોઇએ. પરિણામને માટે જવાબદાર રહેવાની ચિન્તાને બદલે પોતે કેવી રીતે યોગ્ય શિક્ષક થઇ શકે તેની ચિન્તા કરવી જોઇએ. સીધી રીતે બાળકોના હૃદયમાં પેસવા કરતાં કેળવણીનાં સાધનો દ્વારા બાળકોનાં હૃદયમાં પેસી બાળકનાં પ્રેમ અને સન્માન પ્રાપ્ત કરવાં જોઇએ.

૨. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં એવી માન્યતા છે કે સાધારણ રીતે બાળકો ૩–૬ વર્ષની ઉમ્મરે પરાવલમ્બી છે અને તેથી કિન્ડરગાર્ટન શાળામાં બાળકોને તેનાં નાનાં નાનાં કામોમાં મદદ આપવાનું કામ બહુ પ્રેમ અને રસથી થાય છે અને તેમાં

લીધેલ મહેનતની સફળતા માનવામાં આવે છે. મોન્ટેસોરી પદ્ધતિ માને છે કે બાળક પોતે સ્વભાવથી જ પરાવલંબી થવું નાપસંદ કરે છે તેથી બાળકોને જેમ બને તેમ વેળાસર તેઓ સ્વાવલંબી બની બીજાની ગુલામીમાંથી છૂટી જાય તેવી વ્યવહારૂ યોજના મોન્ટેસોરી પદ્ધતિમાં કરવામાં આવી છે. આથી જ મોન્ટેસોરી પદ્ધતિમાં શરીરસંભાળ, લુગડાંલત્તાં પહેરવા-ની સફાઇ, શાળાની સ્વચ્છતા અને વ્યવસ્થા તથા પીરસણ-વિધિના જ્ઞાન માટે વ્યવહારૂ શિક્ષણ ખાસ સ્થાન ભોગવે છે. કિન્ડરગાર્ટન શાળામાં આવી બાબતોનું દર્શન થતું નથી.

૩. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં સમૂહશિક્ષણની વ્યવસ્થા છે જ્યારે મોન્ટેસોરી પદ્ધતિમાં વ્યક્તિશિક્ષણ જ પ્રધાનપણે છે. એક જ વિષયમાં એકી વખતે રસ લેનારા બાળકોનો સમૂહ કુદરતી રીતે બની રહે એ સામે મોન્ટેસોરી પદ્ધતિનો વિરોધ નથી. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં ભલે આનંદથી પણ અમુક વખતમાં અમુક જ્ઞાન અને તે પણ બધાયને આપવાનો વિચાર મુખ્ય હોવાથી સમૂહ શિક્ષણપદ્ધતિ સ્વાભાવિક છે. પરન્તુ મોન્ટેસોરી પદ્ધતિમાં તો સ્વાતંત્ર્ય અને સ્વતઃઆવિર્ભાવનો જ સિદ્ધાન્ત પ્રવર્તતો હોવાથી વ્યક્તિશિક્ષણ વગર બીજો માર્ગ નથી.

૪, સમૂહશિક્ષણની-પદ્ધતિમાંથી સ્વાભાવિક રીતે જન્મ પામતી કિન્ડરગાર્ટન શાળાની **વર્ગવ્યવસ્થાની પદ્ધતિ** મોન્ટેસોરી શાળાની વ્યવસ્થાથી જૂદા પ્રકારની છે. ચોકસ જગ્યાએ હાર બંધ બેઠેલા બાળકો, ઇચ્છાનુસાર હરવાફરવાનો અને ઇચ્છા-નુસાર કામ કરવાની રુકાવટ, મનોનુકૂળ વૃત્તિનાં અનુસરણ કરતાં નમ્ર અને પ્રેમભર્યા શિક્ષકના હુકમનું અનુસરણ કિન્ડરગાર્ટન શાળામાં વ્યવસ્થાને નામે ઓળખાય છે. તે સહેલથી હેરવી ફેરવી શકાય તેવું ઉપસ્કર અને તેને શાન્તિથી

અવાજ વિના યથેચ્છ ફેરવવાની પૂર્ણ છૂટ ઇચ્છાનુકૂળ પણ નીતિમય, બીજાને નુકસાન ન પહોંચે તેવા, ઉપયોગી, અતિ ઇજા ન કરે તેવા, સહૃાઈદાર અને સામાજિક સભ્યતાભર્યાં તમામ કાર્યો કરવાની સ્વતંત્રતાને મોન્ટેસોરી પદ્ધતિમાં વ્યવસ્થાને નામે ઓળખવામાં આવે છે.

૫. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં બાળકોના સ્વાતંત્ર્યની વાતો છે પરન્તુ તે વાતો જ છે. વ્યવહારમાં તો કિન્ડરગાર્ટન શાળાની સઘળી પ્રવૃત્તિઓ સ્વયંપ્રેરિત નથી પરન્તુ પરપ્રેરિત છે, એટલું જ નહિ પરન્તુ એ પ્રવૃત્તિઓ સ્વયંપ્રેરિત વૃત્તિની વિઘાતક છે. કિન્ડરગાર્ટનમાં રમતો છે, સંગીત છે, કસરત છે, બાગકામ અને પ્રાણીસંરક્ષણ પણ છે; પરંતુ તે સઘળું પરપ્રેરિત છે. દેખીતી રીતે ઉક્ત વિષયોમાં બન્ને પદ્ધતિઓમાં સામ્ય જણાય છે પરન્તુ વસ્તુતઃ તેમ નથી; મોન્ટેસોરી પદ્ધતિમાં સઘળું કામ સ્વયંપ્રેરિત છે. સ્વતઃઆવિર્ભાવને માર્ગે બાળક વળે તે માટે માત્ર સાધનોની યોજના છે.

૬. કિન્ડરગાર્ટન પદ્ધતિ પૃથક્કરણ પદ્ધતિનો સ્વીકાર કરતી હોય એમ લાગે છે. મોન્ટેસોરી પદ્ધતિ સંયોગીકરણ પદ્ધતિ ઉપર રચવામાં આવી છે. હમેશ બાળકનું વસ્તુનું નિરીક્ષણ પૃથક્કરણાત્મક નથી પરન્તુ સંયોગીકરણાત્મક છે, જ્યારે મોટાઓનું અવલોકન પૃથક્કરણાત્મક છે પણ સંયોગીકરણાત્મક નથી. એ માનસશાસ્ત્રના નિયમને અનુસરીને મોન્ટેસોરી પદ્ધતિ ચાલે છે. આથી જ ભૂમિતિની આકૃતિઓની વ્યાખ્યાનું જ્ઞાન કિન્ડરગાર્ટન પદ્ધતિમાં પહેલું અને મોન્ટેસોરી પદ્ધતિમાં છેલ્લું આવે છે.

૭. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં ઇચ્છા હોય કે ન હોય પણ બાળકમાં રસ ઉત્પન્ન કરી તેને શીખવાડવાનું છે અને રસરૂપી ઉત્તેજક વસ્તુથી બાળકને માનસિક શ્રમ પડે છે. આથી તે પદ્ધતિમાં

પ્રત્યેક વિષય શિક્ષણ માટે થોડો થોડો વખત રાખવામાં આવે છે ને દિવસના વધવાની સાથે ભણવાના વખતમાં ઘટાડો કરવામાં આવે છે. સાથે સાથે પ્રત્યેક ભણવાના સમય પછી વધતા જતા આરામના કાળને પણ મૂકવામાં આવે છે. મોન્ટેસોરી પદ્ધતિમાં આવું કશું જ નથી. મરજીમાં આવે ત્યારે મરજીમાં આવે તે સાધનોનો ઉપયોગ બાળક કરી શકે છે, આથી એક બાળક એક જ સાધન ઉપર કલાકના કલાક થાક્યા વિના તલ્લીન રહી શકે છે અને બીજું બાળક થોડા જ વખતમાં ઘણાં સાધનો બદલાવી મનગમતું સાધન ખોળી કાઢી વિનાશ્રમે સંતોષ અને વિકાસ મેળવે છે. એક વાર જ્યારે મોન્ટેસોરી શાળાના બાળકોને માનસિકશ્રમ-માપક યંત્રથી તપાસવામાં આવ્યા હતા ત્યારે માનસશાસ્ત્રમાં પ્રયોગ કરનારાઓને ખાત્રી થઇ હતી કે મોન્ટેસોરી પદ્ધતિથી બાળક ગમે તેટલો વખત કામ કરે તોપણ તેને શ્રમ લાગતો નથી. રસરૂપી અતિ ઉત્તેજકથી આખો વખત તરબોળ થએલું કિન્ડરગાર્ટન બાળક ઘેર પણ આકુળવ્યાકુળ બને છે અને ઉકળેલ પાણીને જેમ ઠંડું પડતાં વખત જાય છે તેમ ઉશ્કેરાયલા મગજને શાન્ત પડતાં વખત જાય છે. મોન્ટેસોરી પદ્ધતિથી શીખતાં બાળકો પ્રત્યેક ક્ષણે શાન્ત અને સ્વસ્થ જોવામાં આવે છે; પ્રવૃત્તિ પછી પણ કૃત્રિમ પ્રવૃત્તિથી આવી જતો આવેશ અને પ્રત્યાઘાત મોન્ટેસોરીના બાળકોમાં જોવામાં આવતો નથી.

૮. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં સામાજિક જીવનનો પાઠ, રમતો દ્વારા અને વાર્તાઓ દ્વારા આપવામાં આવે છે. આથી બાળકોનું જીવન કૃત્રિમ શિષ્ટાચારવાળું થઇ જાય છે. મોન્ટેસોરી શિક્ષણ પદ્ધતિમાં સામાજિક શિક્ષણનો પાઠ ભણાવવામાં આવતો નથી પરન્તુ બાળકો સામાજિક શિષ્ટાચારમાં જ ઉછરે છે

તેમને સામાજિક શિષ્ટાચાર સ્વાભાવિક થઇ પડે છે. આથી ત્વરા, નિર્ણય કરવાની શક્તિ, વિવેક વગેરેનો જે સાચો વિકાસ થાય છે તે કિન્ડરગાર્ટન પદ્ધતિ દ્વારા થતો નથી.

૯. કિન્ડરગાર્ટન શાળામાં કેટલાએક વિષયો હાથ ધરવામાં આવતા નથી. તેવા વિષયો મોન્ટેસોરી શાળામાં પ્રમુખસ્થાન ભોગવે છે. શરીરની સંભાળ કેમ લેવી અર્થાત હાથ, આંખ, નાક, કાન, દાંત, વગેરે કેવી રીતે સ્વચ્છ રાખવાં, લુગડાં કેમ પહેરવાં, શાળાની વ્યવસ્થા અને સ્વચ્છતા કેમ રાખવી, ભોજન માટે બેઠક કેમ ગોઠવવી, ભોજન કેમ પીરસવું, વાસણો કેવી રીતે સ્વચ્છ રાખવાં વગેરેનું શિક્ષણ મોન્ટેસોરી શાળામાં જ અપાય છે. બાળકની જુદી જુદી ઇન્દ્રિયોને કેળવણી આપવાનું કાર્ય તો મોન્ટેસોરી પદ્ધતિમાં જ છે. લેખન, વાચન, અને ગણિત શિક્ષણ તો (ત્રણથી ૭ વર્ષનાં બાળકો માટે) મોન્ટેસોરી પદ્ધતિમાં જ છે. બાળકો સાથે તેમના વર્તન સંબંધે વાતચીત એ વિષય તો મોન્ટેસોરી પદ્ધતિની વિશિષ્ટતા છે.

મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનો અને કાર્યોનો ક્રમ

આ ક્રમના પાંચ વિભાગ પાડવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગ—

બાળક જ્યારે પ્રથમ શાળામાં આવે ત્યારે તરત જ તેને નીચેનાં કામો બતાવવામાં આવે છે :

(૧) અવાજ કર્યા વિના શાળાની વસ્તુઓની હેરફેર કરવાનું.

(૨) બટનો, ચાંપો, દોરીઓ વગેરે વાળાં ચોકઠાં ઉપર બટનો બીડવા ઉઘાડવાનું, ચાંપો બીડવા ઉઘાડવાનું, ગાંઠો પાડવાનું છોડવાનું વગેરે.

(૩) દટ્ટાઓની પેટીઓ નં. ૧–૨–૩ અનુક્રમમાં.

પહેલું અને બીજું કામ વ્યવહાર કેળવણી માટે છે. ત્રીજું કામ બુદ્ધિવિકાસ માટે.

બીજો વિભાગ —

(૧ अ) શાન્તિથી ઉભા થવાનું અને બેસવાનુ (आ) લીટીપર ચાલવાનું.

(૨ अ) મિનારો, आ પહોળી સીડી, इ લાંબી સીડી, ई સુંવાળી અને ખડબચડી સપાટીવાળાં પાટીઆંઓ, उ ઠંડા ઉના પાણીના પ્યાલાઓ કે કોથળીઓ, ऊ રંગની તખતીઓ (મૂળ રંગો) ण સંગીત, णे શાન્તિની રમત (ધ્યાન)

પહેલું કામ વ્યવહાર કેળવણી માટે અને બીજું કામ બૌદ્ધિક કેળવણી માટે છે.

ત્રીજો વિભાગ —

(૧) अ જાતે હાથ ધોવાનું, आ કપડાં પહેરવાનું, इ કપડાં ઉતારવાનું, ई સંજવારી કાઢવાનું, उ ઉપસ્કર લુવાનું, ऊ જુદાજુદા નાના મોટા પદાર્થોને સંભાળથી લઇ જવા લાવવાનું.

(૨) अ રંગોનો ક્રમ, आ સુંવાળા અને ખડબચડા રેશમ, મખમલ, સૂતર, વગેરેના ટુકડાઓનો પરિચય (સુંવાળપ

અને ખડબચડાઇના ક્રમમાં) इ મૂળ રંગોની ચડતા ઉતરતા દરજ્જાના રંગની તખતીઓ, उ જુદી જુદી જાતના અવાજોની પારખ માટે સીલેન્ડ્રીકલ બૅાકસીઝ.

ऊ વજનની પારખ માટે જુદા જુદા વજનના લાકડાની તખતીઓ.

ए ઉપલાની સાથે લાકડાની ભૂમિતિની આકૃતિઓ અને જુદી જુદી જાતનાં સ્પર્શનાં સાધનો.

ऐ ભૂમિતિની આકૃતિઓની બરાબર ઓળખ થયા પછી પૂંઠાપર આ લખેલી ભૂમિતિની આકૃતિઓ સાથે લાકડાની આકૃતિઓની સરખામણી.

(૧) વ્યવહારૂ કેળવણી માટે (૨) બુદ્ધિવિકાસ માટે.

ए લેખનની શરૂઆત રૂપે અને સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવાની શરૂઆત તરીકે.

ચોથો વિભાગ —

(૧) अ ભોજન માટે સાહિત્યો ગોઠવવાનું, आ ભોજનમાં વાપરેલાં વાસણો સાફ કરવાનું, इ ઓરડાની વસ્તુઓને વ્યવસ્થિત રીતે ગોઠવવાનું, ई દાંત, નખ, આંખો વિગેરે બરાબર કાળજીથી સાફ કરવાનું, उ છૂટથી સમતોલપણે સીધી લીટી પર ચાલવાનું, ऊ શાંતિ કેમ રાખવી; વસ્તુ પડ્યા વગર, તોડ્યા વગર અને ખડખડાટ કર્યા વિના પદાર્થોને મૂકવાનું અને લેવાનું.

(૨) अ ઇન્દ્રિયવિકાસની તમામ કસરતોનું પુનરાવર્તન, आ ઘંટડીઓ વડે જુદા જુદા અવાજોનું જ્ઞાન, इ લોઢાની ભૂમિતિની આકૃતિઓ દોરવાનું અને તે આકૃતિઓ

જુદા જુદા રંગોના લીંટાથી ભરી દેવાનું, ई ઉપલાની સાથે રેતીના અક્ષરોને સ્પર્શવાનું અને ઓળખવાનું, उ લાંબી સીડીથી અંક શિક્ષણની શરૂઆત, ऊ તૈયાર કરેલ જુદી જુદી આકૃતિઓથી ચિત્રિત નોટબુકોમાં લીંટા કરવાનું અને જુદી જુદી વસ્તુઓના ચિત્રોમાં રંગ ભરવાનું.

૨ વ્યવહારૂ કેળવણી માટે (૨) બુદ્ધિની કેળવણી માટે.

પાંચમો વિભાગ —

(૧) આગળ ગએલ કાર્યોનું રૂઢીકરણ.

(૨) अ ચલ અક્ષરોથી શબ્દો અને વાકયોનું લખાણ,

आ શબ્દો અને વાકયોના લેખનનું સ્વતઃ આવિર્ભાવપણું,

इ તૈયાર કરેલ કાપલીઓનું વાચન,

ई વૉટર કલરોનો ઉપયોગ,

उ કુદરત ઉપરથી ફ્રી હેન્ડ ડ્રૉઇંગ,

ऊ લાંબી સીડીથી ગણિત શિક્ષણ.

મહા સુદિ ૧૨ ૧૯૭૭ ગિરિજાશંકર ભગવાનજી બધેકા